RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સંપર્ણ મહિલા સંચાલીત ઉદ્યોગોના વિકાસ અને સશકિતકરણ માટે વિશેષ સહાય આપવા માટે કેન્દ્ર સરકાર સમક્ષ વિવિધ સુચનો રજુ કરવામાં આવેલ...

ભારત દેશના ઉત્પાદન અને વાણિજિયક ક્ષેત્રોમાં મહિલા સંચાલીત ઉધોગો ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરી રહયા છે. ત્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ મહિલા સંચાલીત ઉધોગ સાહસીકો વધુ વિકસીત બને અને પ્રગતિ પ્રાપ્ત કરે તે માટે ભારતીય મહિલા બેન્ક, બિઝનેશ લોન અને મુદ્રા લોન જેવી વિવિધ સહાયક યોજનાઓ અમલી કરેલ છે. સદર યોજનાઓ સંદર્ભે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા કેન્દ્રીય નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિતારામનજી અને MSME મંત્રીશ્રી જીતેન રામ માન્જી સમક્ષ મહિલા સંચાલીત ઉધોગના વિશેષ લાભાર્થે વિવિધ મુદાઓની રજુઆત કરવામાં આવેલ છે.

(૧) ખેતીની આવક ઉપર કર મુકિત આપવામાં આવેલ છે. તેવી જ રીતે સંપુર્ણ મહિલા સંચાલીત એકમોને રૂા.૨૦ લાખ સુધીની આવક ઉપર કર મુકિત આપવી.

(૨) મહિલા દ્વારા ખરીદવામાં આવતી પ્રોપર્ટીના વેચાણ દસ્તાવેજ ઉપર ૧% સ્ટેમ્પ ડયુટીની છુટ છે. એવી જ રીતે મોર્ટગેજ ડોકયુમેન્ટેશન સમયે પણ આપવામાં આવે.

(૩) મહિલા ઉધોગ સાહસિકોને પડપી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી, મહિલા સંચાલીત MSME એકમોને ઘટાડેલ વ્યાજ દરે ધિરાણ મળવું જોઈએ.

(૪) જીઆઈડીસી દ્વારા મહિલા ઉધોગસાહસિકોને રાહત દરે જમીન પુરી પાડવી જોઈએ.

(૫) મહિલા સંચાલીત એકમોને વિશેષ સેવાના ભાગરૂપે GST ઓફિસ સહિત તમામ સરકારી કચેરીઓમાં પુરતા મહિલા સ્ટાફની નિમણુંક કરવી જોઈએ.

(૬) મહિલાઓના ધંધાકીય વિકાસ માટે સહાયરૂપ બને તે માટે તમામ સ્તેર સમર્પિત કરી શકાય તેવી ટ્રનીંગ સુવિધાઓ સ્થાપીત કરવી જરૂરી છે.

(૭) મહિલા સંચાલીત સુક્ષમ અને નાના એકમો માટે પ્રદર્શન અને કન્વેન્શન સેન્ટર સ્થાપવા. તેમજ આવા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રદર્શન માટે કરવામાં આવેલ ખર્ચમાં ૫૦% સુધીની રકમ સબસીડીરૂપે આપવી.

(૮) મહિલા માલિકી સાહસીકોને GST માં સ્પેશ્યીલ કન્શેશન આપવું ખાસ જરૂરી છે. તેમ રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની અખબારી યાદીમાં જણાવેલ છે.